# ઝઘડીયાના જ્યુડી. મેજી. ફ.ક. સાહેબની અદાલત સમક્ષ, મું. ઝઘડીયા

ફોજ.કે. નં.૧૫૭૬/૨૦૨૧
આંક–

ફરીયાદી. શ્રી સરકાર

વિરુધ્ધ.

આરોપી ૧ જગદીશભાઇ બુધીયાભાઇ વસાવા
રહે.ખરચી, ભીલવાડા, તા. ઝઘડિયા, જી. ભરૂચ

ગુન્હો:– પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ,ઇ,૯૮(૨),૮૧

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એન.પી.ઉમરીયા
આરોપી તરફે વિ.વ. શ્રી એસ.એસ. શેખ

---

## –: ચુ કા દો :–

૧. ફરીયાદ પક્ષની ટુકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગે.કા અને વગર પાસ પરમીટના **ઈંગ્લીશ દારૂ** નો મુદામાલ પોતાના કબજા ભોગવટામા રાખી ધી પ્રોહીબીશન એકટની **કલમ–૬૫ એ,ઇ,૯૮(૨),૮૧** મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ હોય જે રજીસ્ટર કરી તપાસ કરનાર અમલદારે તપાસ સંભાળી લઈ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ.

૨. આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા સીઆર.પી.સી. ક.૨૦૭ મુજબ મુજબની જોગવાઈનુ પાલન કર્યા બાદ આરોપી સામે તહોમતનામુ ફરમાવતા આ ગુનાના કામે આરોપીનો જવાબ લેતા તેણે ગુનાનો ઈન્કાર કરેલ છે.

૩. આ કામના આરોપીનુ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામા આવેલ છે.

૪. ત્યારબાદ ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટે પોલીસ સાહેદો તથા પંચ સાહેદોને તપાસવામા આવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવામા ગુના લગત કરવામા આવેલ પંચનામુ રજુ કરેલ છે.

૫. ત્યારબાદ બંને પક્ષની દલીલ તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મૃદ્દા નિર્ણિત કરવા જરૂરી બને છે.

## –: મુદ્દા :–

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈંગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજા ભોગવટામા રાખી ધી પ્રોહીબીશન એકટની **કલમ–૬૫ એ,ઇ,૯૮(૨),૮૧** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

૭. ઉપરોકત બંને મુદાઓ એકબીજાથી સંલગ્ન હોય તેની સંયુકત ચર્ચા કરવામા આવે છે.

૮. ફરીયાદ પક્ષે આંક-૧૦ થી ફરીયાદીની જુબાની નોંધવામા આવેલ છે જેમા તેઓએ કહેવાતા બનાવમા આરોપીના કબજા ભોગવટા વાળી જગ્યા માંથી વિદેશી દારૂનો મુદામાલ મળી આવેલ હોવાનુ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને સમર્થન કરેલ છે. વધુમા ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામે તેમના પુરાવામાં આરોપીના ભોગવટા વાળી જગ્યા માંથી ગે.કા અને વગર પાસ પરમીટના વિદેશી દારૂની બોટલો મળી આવેલ તેમજ તે મુદામાલ તેમજ મુદામાલ સેમ્પલ કબજે કરેલ હોવાનું જણાવેલ છે. વધુમા સમગ્ર પુરાવો ધ્યાને લેતા મુદામાલ દારૂ હોવા સંદર્ભેનો એફ.એસ.એલ રીપોર્ટ તેઓએ આ કામે રજુ કરેલ નથી તેમજ બનાવવાળી જગ્યાએ થી સ્વતંત્ર અને તટસ્થ સાહેદો મળી શકવાની સંભાવનાઓ હોવા છતા કયાં કારણોસર તેવા કોઈ સાહેદોના નિવેદન લેવામા આવેલ નથી તે અંગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો કરવામા આવેલ નથી. આમ, કહેવાતો મુદામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોય કે આરોપીને સ્થળ ઉપર અટક કરવામાં આવેલ હોય કે જે જગ્યાએથી મુદામાલ અટક કરવામા આવેલ હોય તે જગ્યા આરોપીની માલીકી કબજા ભોગવટાની હોય તે હકીકત ફરીયાદપક્ષ શંકા થી પર રહીને પુરવાર કરી શકેલ નથી. વધુમા સદર કામે તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદ હોવાથી રસ ધરાવનાર સાહેદ કહી શકાય અને રસ ધરાવનાર સાહેદનો પુરાવો માનવો તેવો કોઈ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત નથી પરંતુ આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત સિધ્ધ કરવા માટે ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર, સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે પરંતુ આ કામે તપાસના કામે ત.ક.અ. એ તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી જે હકીકત ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે. સદર કામે આંક-૧૫ અને ૧૬ થી રજુ પંચનામાના પંચ સાહેદ આંક- ૧૪ તથા પંચ સાહેદ આંક-૧૭ નાઓએ પણ તેમની જુબાનીમા પંચનામામા જણાવેલ હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ પંચનામુ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે.

૯. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપીએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર વિદેશી દારૂ તેઓના કબજામાં રાખેલ હોય તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદ પક્ષ આરોપી સામેના પ્રસ્તુત કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય. જેથી મુધ્ધા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી છુ અને મુધ્ધા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**-: હુ ક મ :-**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આરોપીને પ્રોહીબીશન એકટની **કલમ–૬૫ એ,ઇ,૯૮(૨),૮૧** મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ પ્રોહિબિટેડ મુદ્દમાલ નિયમ અનુસાર અપીલ સમય પુરો થાય બાદ નાશ કરવો અને જો અગાઉ સદર કામે મુદ્દામાલનો વચગાળાનો કોઇ હુકમ થયો હોય તો તે કાયમનો કરવામા આવે છે

(૩) સદરહું કામના આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૩૭(એ) અન્વયે જો આ ઠરાવ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે રૂા. ૫,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date :**

**( J.S.RATHORE )**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ01695**